# રાજ્યમાં નવા ૩૯૮ કેસ, ૪૫૪ દર્દીને ડિસ્ચાર્જ કરાયા

## પ્રથમ વખત ડિસ્ચાર્જ વધુને કેસ ઓછા થયા : રાજ્યમાં કોરોના કેસોની સંખ્યા કુલ ૮૧૯૫ પહોંચી ગઈ

ગાંધીનગર,તા.૧૦

રાજ્યમાં પ્રથમ વખત એવું બન્યું છે કે, ૨૪ કલાકમાં નોંધાયેલા કેસોની સરખામણીમાં છેલ્લા ૨૪ કલાકમાં ડિસ્ચાર્જ કરાયેલા દર્દીઓની સંખ્યા વધુ નોંધાઈ છે. નવી ગાઈડલાઈન પ્રમાણે રાજ્મયાં ૪૫૪ દર્દીઓને રજા આપવામાં આવી છે.જ્યારે રાજ્યમાં કુલ ૩૯૮ નવા કેસ નોંધાયા છે અને ૨૧ દર્દીના મોત નીપજ્યાં છે. આ સાથે જ રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દીઓનો આંકડો ૮૧૯૫એ પહોંચ્યો છે, જ્યારે મૃત્યુઆંક ૪૯૩એ પહોંચ્યો છે. નવા નોંધાયેલો કેસોમાં અમદાવાદમા ૨૭૮, સુરતમાં ૪૧, વડોદરામાં ૨૫, ગાંધીનગરમાં ૧૦, મહેસાણા અને ગીર-સોમનાથમાં ૮-૮, સાબરકાંઠામાં ૬, બનાસકાંઠામાં ૪, પાટણ અને બોટાદમાં ૩-૩, પંચમહાલ, અરવલ્લી અને સુરેન્દ્રનગરમાં ૨-૨ તેમજ આણંદ, કચ્છ અને મોરબીમાં ૧-૧ કેસ નોંધાયા છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતના કેટલાક ભાગોમાં લોકડાઉન હળવું કરવા ગંભીર વિચારણા કરાઈ રહી છે. જન જીવન ફરીથી ધબકતું કરવા ગંભીર ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે. ટૂંક સમયમાં જાહેરાત થવાની શક્યતા છે. બનાસકાંઠાના વડગામ તાલુકાના ફતેગઢ ગામે કર્ણાટક અને આંધ્રપ્રદેશથી આવેલા ૪૦ જમાતીઓને ફતેગઢ મદ્રેસામાં ક્વૉરન્ટીન કરવામાં આવ્યા છે અને તેમની મેડિકલ તપાસ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા આ જગ્યા પર ચાપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કોરોનાને લઈને ભારત સરકાર દ્વારા નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. આ માર્ગદર્શિકા પ્રમાણે રાજ્યમાંથી આજે કુલ ૩૮૭ દર્દીઓને હોમ આઈસોલેશન માટે રજા આપવામાં આવી છે. જેમાં અમદાવાદમાં ૨૫૦, વડનગરમાં ૩૪ સુરતમાં ૩૫, વડોદરામાં ૨૦, રાજકોટમાં ૧૫, આણંદમાં ૧૭ , ભાવનગરમાં ૧૦, મહીસાગરમાં ૫ અને અરવલ્લીમાં ૧ દર્દીને આજે રજા આપવામાં આવી છે. રાજ્ય પોલીસવડાએ જણાવ્યું છે કે શ્રમિકો પોતાના વતન જવા ઈચ્છતા હોય તેમને વતન મોકલવાની કામગારી ચાલી રહી છે. તેમ છતાં અમુક સ્થળોએ લોકો ચાલતા વતન જવા નીકળ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આ સંદર્ભે તમામ એકમોને સૂચન કરવામાં આવ્યા છે કે તેમને રોકીને શેલ્ટર હોમમાં રાખવામાં આવે અને વહીવટી તંત્રના સંકલનમાં રહીને આ લોકોને વતન પહોંચાડવાની જરૂરી કાર્યવાહી કરવામાં આવે.. અમુક લોકો સ્વાસ્થ્ય પર જોખમ ઉભુ થાય તેવા કૃત્ય કરે છે આવા લોકોને ઓળખીને ગુનો દાખલ કરવામાં આવી રહ્યો છે. જે લોકો આંતરજિલ્લા મુવમેન્ટ કરવા માગે છે તેઓ શક્ય હોય ત્યાં સુધી અવર જવર ટાળે. અમુક કિસ્સામાં આ રીતે આંતરરાજ્ય મૂવમેન્ટના કારણે બીજા જિલ્લામાં ચેપ લાગ્યાના બનાવો બન્યા છે. ત્યારે બિનજરૂરી અવર જવર ટાળો અને બહુ જરૂરી હોય તો અધિકૃત પાસ લઈને જાઓ અને ક્વૉરન્ટીન થઈને રહો.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૫૮૧૮ | ૩૮૧ | ૧૩૭૩ |
| વડોદરા | ૫૧૮ | ૩૧ | ૨૯૧ |
| સુરત | ૮૯૫ | ૩૯ | ૪૬૮ |
| રાજકોટ | ૬૬ | ૧ | ૩૦ |
| ભાવનગર | ૯૪ | ૭ | ૪૨ |
| આણંદ | ૭૮ | ૭ | ૬૩ |
| ભરૂચ | ૨૮ | ૨ | ૨૫ |
| ગાંધીનગર | ૧૨૯ | ૫ | ૩૨ |
| પાટણ | ૨૭ | ૧ | ૧૯ |
| પંચમહાલ | ૬૧ | ૪ | ૨૭ |
| બનાસકાંઠા | ૮૧ | ૩ | ૩૩ |
| નર્મદા | ૧૨ | ૦ | ૧૨ |
| છોટા ઉદેપુર | ૧૪ | ૦ | ૧૩ |
| કચ્છ | ૮ | ૧ | ૬ |
| મહેસાણા | ૫૦ | ૧ | ૨૦ |
| બોટાદ | ૫૬ | ૧ | ૧૬ |
| પોરબંદર | ૩ | ૦ | ૩ |
| દાહોદ | ૨૦ | ૦ | ૪ |
| ગીર-સોમનાથ | ૧૨ | ૦ | ૩ |
| ખેડા | ૨૯ | ૧ | ૮ |
| જામનગર | ૨૩ | ૨ | ૨ |
| મોરબી | ૨ | ૦ | ૧ |
| સાબરકાંઠા | ૨૩ | ૨ | ૩ |
| અરવલ્લી | ૭૩ | ૨ | ૨૨ |
| મહીસાગર | ૪૪ | ૧ | ૧૩ |
| તાપી | ૨ | ૦ | ૨ |
| વલસાડ | ૬ | ૧ | ૪ |
| નવસારી | ૮ | ૦ | ૭ |
| ડાંગ | ૨ | ૦ | ૨ |
| સુરેન્દ્રનગર | ૩ | ૦ | ૧ |
| દેવભૂમિ દ્વારકા | ૪ | ૦ | ૦ |
| જૂનાગઢ | ૨ | ૦ | ૦ |
| અન્ય રાજ્ય | ૧ | ૦ | ૦ |
| કુલ | ૮૧૯૫ | ૪૯૩ | ૨૫૪૫ |

# મહેસાણામાં ૨૯ અને વડનગરમાં ૨૧ દર્દીઓને રજા અપાઈ



મહેસાણા, તા. ૧૦

મહેસાણા જિલ્લામાં આજે ૪ પોઝીટીવ કેસ નોંધાયા હતા. જિલ્લામાં કુલ ૪૬ કોવિડ-૧૯ની પોઝીટીવ કેસ નોંધાયા છે.

જિલ્લા કલેક્ટરે ઉમેર્યુ હતુ કે કોરોનાથી ડરવાની જરૂર નથી જેમાં સાચવેતી રાખવી જરૂર છે. લોકો પણ કોવિડ-૧૯ની માર્ગદર્શિકાનું પાલન કરવા ખાસ અનુરોધ કર્યો હતો. જિલ્લા કલેક્ટરે ખાસ જણાવ્યુ હતુ કે ગૃહમંત્રાલયની માર્ગદર્શિકા મુજબ ૬૫ વર્ષથી ઉપરની વ્યક્તિઓ, ૧૦ વર્ષથી નીચેના બાળકો, સગર્ભા બહેનો અને હયાત રોગથી પીડાતા વ્યક્તિઓ ઘરમાં રહે અને સુરક્ષિત રહે. આ ઉપરાંત લોકો પણ બીન જરૂરી બહાર ન નીકળે તેવો ખાસ અનુરોધ કર્યો હતો.

મહેસાણા જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી અને જિલ્લા કલેક્ટર એચ.કે. પટેલે જણાવ્યુ હતુ કે મહેસાણા જિલ્લામાં આજે ૩૬ દર્દીઓને રજા આપવામાં આવી છે. જેમાં વડનગર કોલેજમાં ૨૬ અને સાંઈ ક્રિષ્ણા હોસ્પિટલના ૧૦ દર્દીઓનો સમાવેશ થાય છે. જિલ્લામાં કોવિડ-૧૯ના ૨૯ દર્દીઓ અને અન્ય જે ક્લોઝ સંપર્કમાં આવેલા હોય પરંતુ તેઓના રીપોર્ટ નેગેટીવ આવેલ છે તેવા ૭ દર્દીઓને રજા અપાઈ છે.

વડનગર મેડીકલ કોલેજમાંથી ૨૬ દર્દીઓને રજા આપવામાં આવી હતી. આ ૨૬ દર્દીઓમાંથી કોવિડ-૧૯ના ૨૧ દર્દીઓ અને અન્ય ૫ દર્દીઓ જેઓ કોરોના દર્દીઓના ક્લોઝ સંપર્કમાં આવેલ હતા. તેવા પાંચ દર્દીઓ મળીને કુલ ૨૬ દર્દીઓને રજા આપવામાં આવી છે. વડનગર ખાતે ૨૧ દર્દીઓને બે વાર રીપોર્ટ નેગેટીવ આવતા રજા આપવામાં આવી છે.

### મહેસાણા જિલ્લામાં વધુ ૪ પોઝીટીવ કેસ નોંધાયા

મહેસાણામાં ૧ અને કડીમાં ૩ મળી કુલ ૪ કેસ પોઝીટીવ આવ્યા : મહેસાણાના બાસનાનગરમાં ૧ ઈરમાં જીવનખાન બેલીમેને પોઝીટીવ રિપોર્ટ : તો કડીમાં ૩ કેસ શાકભાજી વેચનારના પોઝીટીવ કેસ નોંધાયા છે.

રમેશ બાબુભાઈ રાવળ ૪૫ વર્ષ, કડી
દશરથ બચુભાઈ રાવળ ૪૦ વર્ષ, કડી
રાકેશ પ્રતાપભાઈ રાવળ ૪૦ વર્ષ, કડી

# ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસનો પગ પેસારો

ભિલોડા,તા.૧૦

ભારત દેશ સહિત ગુજરાત રાજ્યમાં દિન-પ્રતિ-દિન કોરોના વાઈરસનું સંક્રમણ વધતા લૉકડાઉન પાર્ટ - ૩ હોવા છતાં એકાએક કોરોના વાઈરસના કેસો વધતા અત્ર-તત્ર-સર્વત્ર ચિંતાનું મોઝુ ફરી વળ્યું છે.

ભિલોડા તાલુકાના આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસનો બિલ્લી પગે પગ પેસારો વધતા ભિલોડા ગ્રામ પંચાયત કચેરી અને વેપારી એસોશિએશન ધ્વારા આજથી તા.૧૭મી મે સુધી બજારો માં દુકાનો સદંતર બંધ કરાઈ છે.ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ,વેપારીઓ ધ્વારા જન હિતમાં જારી સમજી બજારો તા.૧૭/૫/૨૦૨૦ને રવિવાર સુધી સંપુર્ણ લૉકડાઉન સ્વયંમ રીતે સ્વયંભુ દુકાનો વેપારીઓએ બંધ રાખવા જણાવ્યું હતું.જ્યાં સુધી સુચના ન મળે ત્યાં સુધી કોઈ પણ વેપારીએ દુકાનો ખોલવી નહી ? જેની દરેકે ખાસ નોંધ લેવી આવશ્યક છે.

દુધ ડેરી,મેડીકલ શરૂ રાખવા જણાવ્યું હતું.ભિલોડા ગ્રામ પંચાયત કચેરી ધ્વારા અપાયેલ સુચના મુજબ જાહેર અપીલનો ભંગ કરનારને વેપારીને રૂા.૨૧૦૦/- નો દંડ,પોલીસ ફરીયાદ નોંધાવામાં આવશે તેની દરેકે નોંધ લેવા અનુરોધ કર્યો હતો.

કોરોના વાઈરસની મહામારી અને સંકટ સમયે જાગૃત પ્રજાજનો અને વેપારીઓએ સાથ-સહકાર આપવા ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ ધ્વારા જાહેર અપીલ કરાઈ છે.દુકાનો વેપારીઓએ સ્વયંભુ સદંતર બંધ રાખવી જન હિતમાં આવશ્યક છે.આપણી સલામતી આપણે સ્વયંભુ રાખીશું, ઘરમાં રહીએ, સલામત રહીએ, સુરક્ષીત રહીએ, લૉકડાઉન પાર્ટ - ૩ નું સંપુર્ણપણે માનવતાની દષ્ટીએ પાલન કરવું અત્યંત આવશ્યક છે.વહીવટી તંત્રના અધિકારીઓને સહકાર આપવા અનુરોધ કર્યો હતો.



### ધનસુરાના જુની શિણોલના યુવાને કોરોનાને મ્હાત આપી

ધનસુરા તાલુકાના જુની શિણોલ ગામના યુવાન અતીત ચૌધરીએ કોરોનાને મ્હાત આપી હતી. રિપોર્ટ નેગેટિવ આવતા આજે વાત્રક કોવિડ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. રજા આપતા શિણોલ ગામમા યુવાનને પુષ્પવર્ષા તેમજ તાળીઓથી વધાવવામાં આવ્યો હતો અને શુભેચ્છા આપવામાં આવી હતી. આ યુવાનનો ૨૨ તારીખે રિપોર્ટ પોઝેટીવ આવ્યો હતો. રીપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ ધ્વારા તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ગામમાં સેનેટાઈઝિંગ કરવામાં આવ્યું હતું તેમજ તેના ઘરના સભ્યોના પણ રીપોર્ટ કરાવવામાં આવ્યા હતા તેના માતા પિતાના રીપોર્ટ કરાવવામાં આવ્યા હતા જે નેગેટિવ આવ્યા હતા. આ યુવાનને ઓગણીસ દિવસ બાદ રજા આપવામાં આવી હતી, યુવાનને રજા અપાતા જુની શિણોલ આવતા ગ્રામજનોએ પુષ્પવર્ષા કરી સ્વાગત કર્યું હતું.



### આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ પર ૧૦૮ની પાંચ માતાઓને સલામ

આજે આંતરરાષ્ટ્રીય મધર્સ ડે નિમિત્તે આપણે આજે વાત કરીએ એવી માતાઓની કે જે અત્યારના કોરોના વૈશ્વિક મહામારીના સમયમાં GVK EMRI ૧૦૮ ની ગાડી પર દરરોજ પોતાની ફરજ બજાવે છે. જ્યારે લોકોને પોતાના ઘરોમાં રહેવાની ફરજ છે ત્યારે સાબરકાંઠા ૧૦૮માં ૮ પૈકી ૫ મહિલા EMT એવી છે જે પોતાના નાના સંતાનોને ઘરે મૂકીને લોકોની સેવા માટે તત્પર છે. અત્યારે સાબરકાંઠા ૧૦૮માં રોજના ૭૦ કેસ આવે છે જેમાંથી રોજના ૧૨-૧૫ કેસ કોરોના પોઝિટિવ અથવા તો એમના સંપર્કમાં આવેલા માણસોના હોય છે જે દિવસ દરમિયાન આવે છે અને તેમની સાથે ઈડર ૧૦૮માં ભૂમિ પટેલ, વડાલી ૧૦૮માં રીના ચૌધરી, ખેરોજ ૧૦૮માં ગીતા ડામા, જાદર ૧૦૮માં પ્રિયંકા પ્રજાપતિ અને ગાંભોઈ ૧૦૮માં રીપા પટેલ EMT માતા સાથે કરોના વોરીયર્સ બની સાથે સાથે દરેક પ્રકારના કેસ લેવા માટે તૈયાર હોય છે. અત્યાર સુધી હિંમતનગર ૧૦૮ની ગાડી જે સ્પેશ્યલ કોરોના દર્દી માટે એક છે એને એમાં ૪૫૦ જેટલા દર્દીઓને હોસ્પિટલ અને કોરોન્ટિન હોસ્ટેલ સુધી પહોંચાડવાની સેવા આપી છે.

### લોક જન શક્તિપાર્ટીના સંગઠન મંત્રી દ્વારા વીજ બિલ માફ કરવા માંગ

લોક જનશકિત પાર્ટીના સંગઠન મંત્રી દ્વારા લોકોના વિજ બિલ માફ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. કોરોનાની મહામારીને કારણે સમગ્ર દેશમાં લોક ડાઉન ચાલી રહ્યું છે. યુ.જી.વી.સી.એલ. કંપની દ્વારા લોકડાઉનના સમયમાં લોકોના ઘરના વિજ બિલ માફ કરવામાં તેવી માંગ લોક જન શક્તિ પાર્ટીના સભ્યો દ્વારા જણાવ્યુ છે કે દેશમાં લોકડાઉન ચાલી રહયુ છે. યુ.જી.વી.સી.એલ કંપની દ્વારા ત્રણ મહિનાનું સંપૂર્ણ બિલ લોકો માટે માફ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

### ૧૦ દિનની... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લક્ષણો સાથે કોરોનાનો દર્દી હોસ્પિટલમાં દાખલ થાય તો તેને કોઈપણ જાતના ટેસ્ટ વગર ૧૦ દિવસ બાદ રજા આપી શકાય છે. ગંભીર લક્ષણ ધરાવતા દર્દીને સંપૂર્ણ સારવાર કર્યા પછી સાજા થાય પછી એક ટેસ્ટ કર્યા બાદ તેનો રિપોર્ટ નેગેટિવ આવે તો ટ્રિટમેન્ટનો સમય પૂર્ણ થયા બાદ રજા આપી શકાશે. તેમણે સ્પષ્ટ કર્યું કે, હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોનાના એસિમ્પ્ટોમેટિક કે ખૂબજ નજીવા લક્ષણો ધરાવતા દર્દીઓને કે દસ દિવસની સારવાર બાદ છેલ્લા ત્રણ દિવસમાં તાવ કે અન્ય કોઈ ફરિયાદ ન હોય તો તેવા દર્દીઓને આરટી-પીસીઆર ટેસ્ટ કર્યા વિના જ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે.

### ઘર્ષણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાત એમ છે કે ચીના સેના આ વિસ્તારમાં રસ્તો બનાવાનું કામ કરવાની કોશિષ કરી રહ્યું છે. ચીન પહેલાં જ સામરિક દ્રષ્ટિથી ખૂબ જ અગત્યના મનાતા ચુંબી ઘાટી વિસ્તારમાં રસ્તો બનાવી ચૂકયું છે. જેનું તે વધુ વિસ્તારણ કરવાની કોશિષ કરી રહ્યું છે. આ રસ્તો ભારતના સિલિગુડી કોરિડોર કે કથિત 'ચિકન નેક' વિસ્તારથી અંદાજે પાંચ કિલોમીટર દૂર છે. આ સિલિગુડી કોરિડોરથી ભારતને નોર્થ ઈસ્ટના રાજ્યો સાથે જોડે છે. તેના લીધે ભારતીય સૈનિકો અને ચીની સેનાની વચ્ચે મોટાભાગે ટકરાવ થતો રહે છે. ૨૦૧૭ની સાલમાં પણ ટકરાવની એવી સ્થિતિ સર્જાઇ હતી કે જવાનોને વિવાદાસ્પદ વિસ્તારમાં નિર્માણ કાર્ય કરતા ભારતીય સેનાને રોકી દીધી હતી.

### રેલ વ્યવહાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેનિટાઈઝેશન અને સોશિયલ ડિસ્ટન્સિગના પાલન સાથે જેટલી બની શકે તેટલી આર્થિક પ્રવૃત્તિઓ ધમધમતી કરવાનો છે. નેગેટિવ લિસ્ટમાં જ્યાં લોકો મોટી સંખ્યામાં એકઠા થતાં હોય તેવી પ્રવૃત્તિ, સાપ્તાહિક બજારો ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓના થોડા સમય માટે સમાવેશ કરી શકાય છે. દેશમાં ત્રીજા તબક્કાનું લોકડાઉન ૧૭ મી મેના રોજ પૂરું થઈ રહ્યું છે. જોકે, તેના બે દિવસ પહેલા જ આ અંગેનો આખરી નિર્ણય જાહેર તેવી શક્યતા છે. જેમાં સોશિયલ ડિસ્ટન્સિગ સાથે પબ્લિક ટ્રાન્સપોર્ટ વચ્ચેની સીટ ખાલી રાખી વિમાનોના ઉડ્ડયનને મંજૂરી, કામકાજના સ્થળે ૧૦ થી વધુ લોકો એકઠા ના થાય તેમજ બે શિફ્ટ વચ્ચે ૪૦ મિનિટનું અંતર રહે અને નિયમિત સેનિટાઈઝેશન થતું રહે તેવા નિયમો બનાવાઈ શકે છે. ૨૦ એપ્રિલ અને ૪ મેના રોજ સરકારે ઘણી આર્થિક પ્રવૃત્તિઓને શરૂ કરવા મંજૂરી આપી દીધી હતી.

### બેકાબૂ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીમાં મોટા પ્રમાણમાં પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે જ કેન્દ્રીય ટીમો વધુ કોવિડ -૧૯ કેસવાળા ૧૦ રાજ્યોની મુલાકાત કરશે. દેશમાં ૬૩,૩૪૭ કોરોના સંક્રમિત છે. રવિવારે દિલ્હીમાં ૩૮૧, આંધ્ર પ્રદેશમાં ૫૦, રાજસ્થાનમાં ૩૩ અને બિહારમાં ૧૮ કેસ સામે આવ્યા છે. આ અગાઉ શનિવારે કોરોનાના ૨૯૫૧ દર્દી વધ્યા હતા. સરકારે કહ્યું હતું કે, ૧૦ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. મહારાષ્ટ્રમાં સીઆઈએસએફના એક સાથે ૧૮ જવાનો પોઝિટિવ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. આરોગ્ય મંત્રાલય ૧૦ રાજ્યોમાં વધતા કોરોના વાઈરસ કેસ માટે સાથે સેન્ટ્રલ ટીમો મોકલશે. આ ટીમો રાજ્યના આરોગ્ય વિભાગોને રાજ્યમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં નિયંત્રણના પગલાં અમલમાં મૂકવામાં મદદ કરશે. આરોગ્ય મંત્રાલયના વરિષ્ઠ અધિકારી, સંયુક્ત સચિવ કક્ષાના નોડલ અધિકારી અને જાહેર આરોગ્ય નિષ્ણાતની બનેલી ટીમો ગુજરાત, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ અને તેલંગાણા માટે રવાના કરશે. ર્ક્ષ્ફેંઙ્ઘ-૧૯ માટે તાજેતરમાં એક ઉચ્ચ સ્તરીય ટીમને મુંબઇ મોકલવામાં આવી છે. એર ઈન્ડિયાના ૫ પાયલોટ કોરોના પોઝિટિવ મળ્યા છે. તાજેતરમાં જ તેઓ કાર્ગો ફ્લાઈટ્સ લઈ ચીન ગયા હતા. કંપનીના સૂત્રોએ જણાવ્યું હતું કે પાંચેય પાયલોટમાં કોઈ લક્ષણ નજર નથી આવ્યા. અત્યારે તેઓ મુંબઈમાં છે. ઉડ્ડયન ભરવાના ૭૨ કલાક અગાઉ તેમનું પ્રી-ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવ્યો છે.

### કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

સાંભળી નિર્ણય લે છે. અટકાયતીને તેની અટકાયના કારણો જાણવાનો અને તેનો બચાવનામું રજુ કરવાનો અધિકાર મળે છે અને એકવાર અટકાયતના કારણો જણાવ્યા પછી તેમાં ઉમેરો કરવાનું પણ કોર્ટે ગેરમાન્ય ઠરાવ્યું છે.

સલામતી ધારાની કડક જોગવાઈઓ સામે ભારતની સર્વોચ્ચ અદાલતોના ચુકાદાઓને કારણે ઘણી જ નબળી પડી ગઈ છે. આ કારણે સરકારે નેશનલ સીક્યુરીટી એકટમાં સુધારો કરીને વધુ કડક કાયદા બનાવ્યા છે. બે દાયકાથી વધુ સમયથી ભારતનો કેટલોક ભાગ અલગતાવાદ, ભાંગફોડીયા, આંતકવાદ અને ત્રાસવાદી પ્રવૃત્તિથી ત્રસ્ત છે. આ પ્રવૃત્તિ કડક હાથે ડામવા માટે સરકારે ૧૯૮૬ માં ટાડા નામે કાયદો પસાર કર્યો હતો જેની કેટલીક જોગવાઈઓ રદ કરવા છતાં કોર્ટે આ કાયદાને વૈદ્ય જાહેર કરેલ છે. છેલ્લે સંસદમાં ભારે ધમાલ અને વિરોધ વચ્ચે ૨૦૦૧ માં સરકારે પોટા નો કાયદો પસાર કરેલ છે. આંતકવાદી પ્રવૃત્તિમાં દિનપ્રતિદિન વધારો થતા આ પ્રકારના કાયદાની જરૂરીયાત હવે લેશમાત્ર શંકાસ્પદ નથી કોઈ નિર્દોષ નાગરિકો આ કાયદામાં ભોગ ન બને તેનું ધ્યાન રાખવા ભારતની કોર્ટો સજાગ છે. તાજેતરમાં ભારતીય જવાનોની આંતકવાદીઓ દ્વારા થયેલ નિર્મમ હત્યા ઉપરથી આ કાયદાની મહત્વતા સમજાઈ છે. આંતકવાદીનો ભારતીય જવાનો દ્વારા બોલાવાતો ખાત્મો અને તેના પરિણામ સ્વરૂપ ભારતીય જવાનોની સહિદી વચ્ચે ટાડા, પોસા, પોટા અને નેશનલ સીક્યુરીટી એકટ જેવા કાયદાની મહત્વતા ભારતીય નાગરિકોને સમજાઈ છે. ભારતીય નાગરિકોની સલામતી અને શાંતિ માટેના ઉપાય તરીકે નિવારક અટકાયતનો કાયદો અમલમાં મુકવા માટે રાજય તથા કેન્દ્ર સરકારને પગલા ભરવાની છુટ આપવામાં આવી છે અને સ્થળ સ્થિતિ અને પરિસ્થિતિ મુજબ આ નિયમોમાં છુટછાટ તથા કડક પાલન કરવામાં આવે છે. ભારતીય નાગરિકોની સલામતી, જાનમાલની સલામતી માટે આ કાયદાઓ અનિવાર્ય જ નહિ પણ આવશ્યક છે.

### ગુના નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકૃત પાસ સાથે જ મુસાફરી કરવી અને ત્યાં પહોંચ્યા બાદ કોરન્ટાઈનમાં રહીને પૂરતી તકેદારી રાખવી અને અન્યને પણ રખાવવી. ઝાએ ઉમેર્યું કે લૉકડાઉન દરમિયાન આંતર જિલ્લા હેરફેરમાં ખોટા પાસ બનાવીને ફરતા લોકો સામે ગઈકાલે બે ગુના નોંધાયા છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર ખાતે નવ લોકો અમદાવાદથી કોડીનાર જઈ રહ્યા હતા તે તમામ લોકો સામે ગુનો નોંધાયો છે. એ જ રીતે રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં અમુક શ્રમિકોને મહારાષ્ટ્ર લઈ જવાતા હોવાની માહિતીના આધારે વાહન માલિક સામે ગુનો નોંધી વાહન જપ્ત કરાયું છે. તેમણે કહ્યું કે, અમદાવાદ શહેર સહિત રેડ ઝોનવાળા વિસ્તારોમાં પ્રતિબંધોનું ચુસ્ત પાલન કરવામાં આવી રહ્યું છે. યોગ્ય સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાતું હોય કે ભીડ જોવા મળે તેવાં સ્થળોએ પોલીસ સઘન ચેકિંગ કરી રહી છે તે માટે પણ નાગરિકો સહયોગ કરે તે જરૂરી છે. ઝાએ ઉમેર્યું કે કોરોના સંક્રમણને રોકવા માટે કાર્યરત પોલીસકર્મીઓ પણ સંક્રમણનો ભોગ બન્યા હતા. આવા ૪૨ પોલીસકર્મીઓ સાજા થઈને પોતાની ફરજ પર હાજર થઈ ગયા છે. એ જ રીતે સંક્રમિત લોકોના સંપર્કમાં આવેલા ૩૦ પોલીસકર્મીઓ પણ તકેદારીના ભાગરૂપે હોમ કોરોન્ટાઈનમાં હતા. તેઓ પણ કોરોન્ટાઈન પૂર્ણ કરીને ફરજ પર કાર્યરત થયા છે. એ તમામની ફરજ પ્રત્યેની કટિબધ્ધતાને બિરદાવતાં ઝાએ પોલીસ જવાનો આગામી સમયમાં પણ આવા જ મનોબળથી ફરજો અદા કરશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ઝાએ વધુમાં જણાવ્યું કે, વિવિધ માધ્યમો દ્વારા જે ગુનાઓ ગત રોજથી દાખલ થયા છે, તેમાં ડ્રોનના સર્વેલન્સથી ૧૭૩ ગુના નોંધાયા છે. આ સર્વેલન્સથી આજદિન સુધીમાં ૧૨,૦૫૧ ગુના દાખલ કરીને ૨૨,૩૧૫ લોકોની ધરપકડ કરાઈ છે. જ્યારે સ્માર્ટ સિટી અને વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ સીસીટીવી નેટવર્ક દ્વારા ૯૭ ગુના નોંધીને ૯૩ લોકોની ધરપકડ કરાઈ છે. આ રીતે અત્યાર સુધીમાં સીસીટીવીના માધ્યમથી ૨,૯૫૩ ગુના નોંધીને ૪,૦૮૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઝાએ કહ્યું કે, રહેણાંક વિસ્તારની વિવિધ સોસાયટીઓમાં લગાવવામાં આવેલા ખાનગી સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે ગઈકાલે ૨૦ ગુનામાં ૧૯ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે અત્યાર સુધીમાં ૬૪૯ ગુના દાખલ કરી ૯૦૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ જ રીતે, સોશિયલ મીડિયા પર ખોટા મેસેજ અને અફવાઓ ફેલાવા સંદર્ભે ગઈકાલથી આજ સુધીમાં ૧૮ ગુનાની સાથે અત્યાર સુધીમાં ૭૩૪ ગુના દાખલ કરીને ૧,૪૯૮ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

### ટ્રેન દોડાવી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમટયા હતા. જો કે, આજે તંત્ર અને પોલીસ દ્વારા તેઓનું રજિસ્ટ્રેશન કરી તેઓને જુદી જુદી બસો મારફતે કાલુપુર અને સાબરમતી રેલ્વે સ્ટેશન પહોંચાડયા હતા અને ત્યાંથી આજે દોડાવાયેલી નવી વધારાની ૧૮ ટ્રેનો મારફતે તેઓને ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિતના વતનમાં રવાના કરાયા હતા. છેલ્લા બે દિવસમાં ગુજરાતમાંથી બે લાખથી વધુના પરપ્રાંતીયો શ્રમિકોને તેમના વતન મોકલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના વિવિધ શહેરોમાં ફસાયેલા પરપ્રાંતીય મજૂરો પોતપોતાના રાજ્યો તરફ જઈ રહ્યા છે. સરકાર તેમને ઘરે પહોંચાડવા માટે બસ અને ટ્રેન ચલાવી રહી છે. અમદાવાદ, સુરત, રાજકોટ, કચ્છ, જામનગર જેવા ઘણા શહેરો છે જ્યાંથી હજુ પણ પ્રવાસીઓની વાપસી થઈ શકી નથી, હજુ પણ હજારો પરપ્રાંતીયો વતન જવાથી વંચિત રહ્યા છે. તેને લઈ હવે આ પરપ્રાંતીયો-શ્રમિકોની ધીરજ ખૂટી રહી છે.